# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-07-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## લોકસભામાં બિલ રજૂ કરાશે, જાહેર પરીક્ષાઓ અન્યાયી માધ્યમો નિવાર –2026

સરકાર આજે લોકસભામાં જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયક જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ 2024માં સુધારો કરવાનો પ્રયાસ છે. વિધેયક કેન્દ્રીયમંત્રી

ડૉ. જીતેન્દ્ર સિંહ ગૃહમાં રજૂ કરશે. કેન્દ્રીય મંત્રીમંડળે ગત શુક્રવારે મુસદ્દા વિધેયકને મંજૂરી આપી, જેમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના અને પરીક્ષાઓમાં પેપર લીક અને અન્યાયી માધ્યમોના ઉપયોગના કેસોમાં સખત સજાની જોગવાઈ છે.

**-------------------------------------------------------------------------------------**

## PM – નંદન નીલેકણીની અધ્યક્ષતામાં ટાસ્કફોર્સની રચના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રખ્યાત ટેક્નોલોજી નિષ્ણાત નંદન નીલેકણીની અધ્યક્ષતામાં પરીક્ષા સુધારણા પર એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ટાસ્ક ફોર્સ પરીક્ષા પ્રણાલીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે અને તેની ભલામણોના આધારે આગામી પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વહેલી તકે જરૂરી

પગલાં લેવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની પરીક્ષા પ્રણાલી વિશ્વસનીય, પારદર્શી અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરતી હોવી જોઈએ.

----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ શિક્ષણમંત્રી તરીકે પદભાર સંભાળ્યો

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ ગઇકાલે શિક્ષણ મંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો છે. પદભાર ગ્રહણ કર્યા પછી, તેમણે વિવિધ યોજનાઓ અને મુખ્ય કાર્યક્રમોના અમલીકરણનું આકલન કરવા માટે શિક્ષણ મંત્રાલયની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. ત્યારબાદ મીડિયા સાથેની વાતચીતમાં શ્રી જોશીએ આ જવાબદારી સોંપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

----------------------------------------------------------------------------------------

## જિલ્લામાં સરેરાશ કરતા 48 ટકા વરસાદ ઓછો

જિલ્લામાં વિતેલા બે દિવસમાં કુલ સરેરાશનો ૧૬ ટકા વરસાદ પડયો છે. આમ છતાં વર્તમાન સમયે જેટલો વરસાદ પડવો જોઈએ, તેનાથી ૪૮ ટકા ઓછો વરસાદ પડયો હોવાનું હવામાન વિભાગના સત્તાવાર આંકડા પરથી જણાવાયું છે. મહત્ત્વની બાબત એ છે કે, અત્યાર સુધી જિલ્લામાં વરસાદની ઘટ ૮૦ ટકાથી ઉપર હતી તે ઘટીને ૫૦ ટકા નીચે પહોંચી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા અપાયેલી સત્તાવાર આંકડાકીય વિગત અનુસાર જિલ્લામાં અત્યાર સુધી સામાન્ય રીતે ૧૭૦ મિ.મી. વરસાદ પડવો જોઈએ, તેની સામે આ વર્ષે અત્યાર સુધી ૮૭મિ.મી. વરસાદ પડયો છે, જે ૪૮ ટકાની ઘટ દર્શાવે છે. રાજ્યમાં ઓછો વરસાદ પડયો હોય તેવા જિલ્લાઓમાં કચ્છ અગાઉ અગ્રસ્થાને

હતું, પણ બે દિવસના ધીમીધારના સાર્વત્રિક વરસાદના કારણે પશ્ચિમ સૌરાષ્ટ્રના જિલ્લાઓ કરતાં કચ્છમાં વરસાદની ઘટ ઓછી જોવા મળી છે.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ યુનિ. એક્સટેન્શન સેન્ટર - ધોરડો

કચ્છ યુનિ. દ્વારા છેવાડાના વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ ઘર આંગણે પહોંચતું કરવા માટે એક્સટેન્શન સેન્ટરો શરૂ કરાયા છે. આ વર્ષે નવા પાંચ અક્સન્ટેશન સેન્ટરો ઉમેરી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચવા પ્રયત્ન થઇ રહ્યો છે ત્યારે ધોરડો અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળે તે હેતુથી ગોરેવાલી માધ્યમિક શાળામાં એક્સટેન્શન સેન્ટરનો પ્રારંભ કરાયો હતો.

**------------------------------------------------------------------------------------------**

## રાપર તાલુકામાં વરસાદ

જિલ્લામાં ગઇકાલે રાપર સહિત તાલુકાના પ્રાંથળ વિસ્તારમાં તોફાની વરસાદ વરસ્યો હતો. રાપરમાં સવારે વરાપ નીકળ્યા બાદ બપોરે સાડા ત્રણ વાગ્યે વાતાવરણ પલટાયું હતું જે સાંજ સુધી ઝરમર રૂપે હતું અને વરસાદી ઝાપટાં ચાલુ રહ્યાં હતાં. પ્રાંથળના રાસાજીગઢડા, વ્રજવાણી, દેશલપર સહિતનાં નાગપુર, લોદ્રાણી, શીરાવાંઢ, જાટાવાડા, મૌવાણા, બેલા, આણંદપર, ગામોમાં એકથી બે ઇંચ જેવો વરસ્યો હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. જિલ્લાના અન્ય વિસ્તારોમાં ગઇકાલે વરસાદનો વિરામ જોવા મળ્યો હતો.

**------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ રાજવી ફાટક રાત્રિના સમયે બંધ રહેશે

ગાંધીધામમાં નર્મદાની પાણીની પાઇપલાઇન પસાર કરવા માટે આજથી ત્રણ દિવસ સુધી સતત વ્યસ્ત એવું એરપોર્ટ રોડ ઉપર આવેલું રાજવી ફાટક રાત્રિના સમયે બંધ રહેશે. ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત સહિતની જોગવાઈ રાખવામાં આવી છે.

પાણીની પાઇપલાઇન નાખવાનું કામ રેલવેના આઇડબલ્યુ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી રાત્રિના ૯થી સવારે ૬ વાગ્યા સુધી હાથ ધરવામાં આવશે, જેથી આ સમયગાળા દરમિયાન રાજવી ફાટક બંધ રહેશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે ત્રીજી અને અંતિમ ટી 20 મેચમાં ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવી ત્રણે મેચ જીતી શ્રેણીમાં સંપૂર્ણ વિજય મેળવ્યો છે. હરારે ખાતેની અંતિમ મેચમાં ભારતે 5 વિકેટ ગુમાવી 192 રન કર્યા હતા. જેમાં વૈભવ સૂર્યવંશીના 81 રન મુખ્ય હતા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ સાત વિકેટના ભોગે 157 રન કરી શકી હતી.

---------------------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સંરક્ષણ નિકાસ, રાજકીય સહયોગ અને મિત્ર દેશો સાથેના સહયોગમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યું છે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં, કારગિલ વિજય દિવસના બહાદુર સૈનિકોને યાદ કરતા તેમણે કહ્યું કે આ દિવસ દેશવાસીઓને આપણા બહાદુર સૈનિકોની અસાધારણ બહાદુરીની યાદ અપાવે છે.  તેમણે આનંદ વ્યક્ત કર્યો કે લગભગ 60

વર્ષ પછી, ફરી એકવાર 'ભારતીય ગ્રે હોર્નબિલ' એટલે કે ચિલોતરો પક્ષી ગીરના જંગલોમાં પોતાનું નિવાસસ્થાન બનાવી રહ્યું છે.

---